<u>આંક–૪૨ લગત હુકમ :–</u>

(૧) હાલની અરજી પ્રતિવાદીઓએ ધી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૭ રુલ ૧૧ મુજબ દાવાને ધી લીમીટેશન એકટના આર્ટીકલ–૧૩૭ મુજબ બાધ નડતો હોય દાવો રદ કરવા અરજ કરેલી છે.

(૨) પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી સી.ડી.કારીયા દલીલ કરતાં જણાવે છે કે, હાલના દાવામાં વાદીની દાવા અરનજી ધ્યાને લેવામાં આવે તો વાદીએ તેમના પિતા ઈસાભાઈ મુસાભાઈ તા.પ/૩/૯૭ નારોજ ટંકારા મુકામે મરણ ગયેલ હોય, અને વાદીના પિતાએ તા. ૨૪/૧૦/૯૮ નારોજ છેવટનું વીલ બનાવેલું, અને તે તારીખ–૨૪/૨/૯૭ નારોજ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે અનુ.નં.૧૨૨૩થી તા.૨૪/૧૦/૧૯૯૮ નારોજ રજીસ્ટર્ડ થયેલ છે. અને તેના અનુસંધાને વાદીએ ૨૦૦૬ના વર્ષમાં મામલતદાર કચેરી ખાતે તેઓની એન્ટ્રી પડાવવા અરજ કરેલી જે ૬૦૦૮થી દાખલ થયેલી અને હાલના પ્ર તિવાદીઓએ તેનું ઓબ્જેકશન લેતાં તે એન્ટ્રી તકરારી થતાં શર્ટીફાઈડ થયેલી નહી, અને પ્રતિવાદીઓએ ત્યારબાદ ૨૦૧૬ના વર્ષમાં હાલનો દાવો કરેલો છે. આમ ધી લીમીટેશન એકટના આર્ટીકલ–૧૩૭ મુજબ ૩–વર્ષમા લીમીટેશન પુરું થાય છે, અને તે સંદર્ભે કુંવરજનીતસીંગ ખંતપુર, વિરુધ્ધ કિરણદીપ કૌર એન્ડ અધર્સ,(૨૦૦૮)૮એસ.એસ.સી.પેઈઝ–૫૩૭,ના ચૂકાદા મુજબ લીમીટેશન એકટપ્ર ોબેટની અરજીને પણ લાગુ પડે છે.આમ ૨૦૦૬ના વર્ષમા મામલતદાર કચેરી ખાતે હાલના વાદીઓની એન્ટ્રી નંબર ૬૦૦૮, તા. ૧૪/૭/૨૦૦૬ નારોજ રીઝેકટ થયેલી, તેના ૩–વર્ષમા એટલે કે, ૨૦૦૯ના વર્ષ સુધીમાં વાદીએ દાવો કરવો જોઈએ પરંતુ વાદીએ ૨૦૧૬ ના વર્ષમા હાલનો દાવો કરેલ છે, જેથી વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તર્ફે વિ.વ.શ્રી એન.પી.પંડયાનાઓ હાલની અરજી સંદર્ભે આંક–૪૪થી જવાબ રજુ કરેલ ેછે અને દલીલ કરતાં જણાવે છે કે,પ્રતિવાદીની હાલની અરજી શુધ્ધ બુધ્ધીના અભાવની હોય તથા દાવાને ડીલી કરવાના હેતંથી આપેલ હોય રદ કરવા અરજ કરેલ

છે. તથા વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, વાદીઓને ઈન્ડીયન સકશેસન એકટ હેઠળ વીલનું પ્રોબ્રેટ મેળવવું ફરજીયાત નથી પરંતુ વિવાદમાં ન ઉતરવા હાલની અરજી પ્રોબેટ મેળવવા કરેલી. જે સંદર્ભે પ્રતિ.ઓએ તકરાર લેતાં દાવામાં પરીવર્તીત થયેલી. તથા પ્ર તિ.ઓએ રજુ કરેલ ચૂકાદો હાલના કેસને લાગુ પડતો નથી, અને વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો ન હોય પ્રતિવાદીની હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) બંને પક્ષકારોની દલીલો તથા વાદીનો દાવો ધ્યાને લેતાં વાદીસએ તેમના પિતાની વસીયતના આધારે મામલતદાર કચેરીમાં ૨૦૦૬ના વર્ષમાં તેમના નામ દાખલ કરાવવા અરજ કરેલી જે નામંજુર થયેલી અને ત્યારબાદ તે સંદર્ભે વીલનું પ્રોબેટ મેળવવા તા. ૨/૭/૨૦૧૬ નારોજ તેઓએ ટંકારા કોર્ટમા ઈન્ડીયન સકસેશન એકટ મુંજબ અરજી દાખલ કરેલી,અને ત્યારબાદ ટ્રાન્સફર થઈ અત્રેની કોર્ટમા આગળની કાર્યવાહી માટે આવે.લી જે સંદર્ભે પ્રતિ.ઓ દવારા તકરાર લેવામાં આવતાં પ્રોબેટ અરજી હાલના દાવામાં પરીવર્તીત થયેલી.વધુમાં પ્રતિ.ઓના વિ.વ.શ્રી દવારા રજુ ચૂકાદો ધ્યાને લઈએ તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ધી લીમીટેશન અએકટના આર્ટીકલ ૧૩૭ ફકત સી.પી.સી. નહી પરંતુ અન્ય અરજીઓને પણ લાગુ પડે છે, તથા લેટર ઓફ એડમીનીસ્ટ્રેશનની અરજી જયારથી અરજી દાખલ કરવાની જરુર પડે કે, તકરાર ઉપસ્થિત થાય ત્યારથી ૩– વર્ષમા કરવાની હોય છે. ધી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૭ રુલ ૧૧માં ફકત વાદીના દાવાને ધ્યાને લેવાનો હોય છે, અને વાદીએ તેમની તકરાર ૨૦૦૬માં ઉપસ્થિત થયેલી છે, તેમછતાં ૩–વર્ષ એટલે કે ૨૦૦૯ સુધીમાં કોઈ કાર્યવાહી કરેલ હોય તેવું રેકર્ડ પર આવેલ થનથી, કે તે સંદર્ભે દાવામાં પણ કોઈ ખુલાૃસો કરેલ હોય તેવું જણાતું નથી. આમ દાવા અરજી ધ્યાને લેતા વાદીના દાવાને મુજબ લીમીટેશન એકટનો બાધ નડતો હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવતુ હોય તેમની ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) પ્રતિવાદીની આંક–૪૨ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલની અરજી સંદર્ભે વાદીનો દાવો ધી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૭ રુલ ૧૧ મુજબ રદ કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૫માંહે ડીસેમ્બર સને. ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

તા. ૧૫/૧૨/૧૮

સે.એડી.સીની.સીવીલ જજ
મોરબી.
યુ.આઈ.ડી. જી.જે. ૦૧૦૩૫